આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **02-12-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## **CM** : શાળામાં અલ્પાહાર

રાજ્યની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન ઉપરાંત કેલરી-પ્રોટીનયુક્ત પૌષ્ટિક અલ્પાહાર અપાશે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓના બાળ વાટિકાથી ધોરણ- 8 સુધીના વિદ્યાર્થીઓને પીએમ પોષણ યોજનામાં આપવામાં આવતાં બપોરના ભોજન ઉપરાંત મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવશે.

મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના નામાભિધાન સાથે શરૂ થનારી આ નવી યોજના હેઠળ રાજ્યની ૩૨ હજાર ૨૭૭ શાળાના અંદાજે ૪૧ લાખ વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર પીરસવામાં આવશે. આ માટે વાર્ષિક ૬૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ રાજ્ય સરકાર કરશે.

RNU અમદાવાદ

---

## ધંધુકા : રેલવે ઓવરબ્રીજ

આરોગ્ય મંત્રી અને અમદાવાદ જિલ્લાના પ્રભારી ઋષિકેશ પટેલે આજે ધંધુકા ખાતે નવનિર્મિત રેલ્વે ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું હતું. ૬૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા રેલવે ઓવરબ્રિજને ખુલ્લો મૂકતાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, આ રેલ્વે ઓવરબ્રિજ અમદાવાદ શહેર અને જિલ્લા ઉપરાંત સૌરાષ્ટ્રથી સુરત અને સુરતથી સૌરાષ્ટ્ર જતા યાત્રીઓ તથા ઉદ્યોગકારો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

**RNU અમદાવાદ**

---

## બોર્ડ પરીક્ષા-2025

ગાંધીનગર સ્થિત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એસએસી એટલે કે ધોરણ 10 અને એચએસસી એટલે કે ધોરણ 12ના બંને પ્રવાહની વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે, જેમાં 2025ની 27મી ફેબ્રુઆરીથી 13મી માર્ચ સુધી પરીક્ષા યોજાશે. કચ્છ જિલ્લામાંથી 73 હજાર 38 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે, જેમાં ધોરણ 10ના 26 હજાર 946, ધોરણ 12ના વિજ્ઞાન પ્રવાહના 1925, સામાન્ય પ્રવાહના 44 હજાર 167 ઉમેદવારોનો સમાવેશ થાય છે. આમ, સૌથી વધુ ધોરણ 12ના બંને પ્રવાહના કુલ 46 હજાર 92 વિદ્યાર્થીઓ

નોંધાયા છે. જોકે, રજિસ્ટ્રેશન તારીખ લંબાવાઈ છે એટલે સંખ્યા હજુ પણ વધી શકે છે.

**RNU અમદાવાદ**

---

## ભુજ સાયન્સ સેન્ટરને એવોર્ડ

સાયન્સ સેન્ટર ભુજને શ્રેષ્ઠ આર્કિટેક્ચર માટે ગોલ્ડન ટ્રેઝિની એવોર્ડ પ્રાપ્ત થયો છે. આઇએનઆઇ ડિઝાઇન સ્ટુડિયો દ્વારા ડિઝાઇન કરાયેલા, શ્રેષ્ઠ અર્કિટેક્ચર માટે 'ગોલ્ડન ટ્રેઝિની એવોડર્સ' ખાતે પ્રતિષ્ઠિત 'ગોલ્ડ સર્ટિફિકેટ'થી સન્માનિત કરવામાં આવ્યું છે, જે તેની અસાધારણ ડિઝાઇ અને સ્થાપત્ય શ્રેષ્ઠતા માટે નવીન અભિગન દર્શાવે છે.

**N.P./ જાગૃતિ વકીલ**

---

## કચ્છમાં આગની બે દુર્ઘટના

કચ્છમાં આજે એકજ દિવસમાં આગ લાગવાની બે ઘટના સામે આવી હતી. ભુજ શહેર ખાતેની અદાણી સંચાલિત જીકે જનરલ હોસ્પિટલમાં બાળ વિભાગના બોર્ડમાં શોર્ટ સર્કિટ થતા આગનું છમકલુ થયું હતું, જ્યારે ભચાઉ તાલુકાના કડોલ બંધડી રોડ ઉપર ઘાસચારો ભરેલી ટ્રકમાં આગ ભભૂકી ઉઠતા વ્યાપક નુકસાન થયું હતું. સદભાગ્યે બન્ને બનાવમાં જાનહાની ટળી હતી.

**N.P./ જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------------------

## લોન મેળો રાપર તાલુકો

વ્યાજખોરીના દુષણ સામે પોલીસ વિભાગ દ્વારા કાયદેસર કાર્યવાહી અંતર્ગત ખાસ અભિયાન હાથ ધારાયા બાદ હવે વ્યાજના વિષચક્રમાં લોકો ના ફસાય તે માટે પોલીસ દ્વારા વિવિધ સ્થળે લોકો માટે લોન મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અન્યવે આડેસર અને ગાગોદર પોલીસ મથકે પણ પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર ની સુચનાથી લોન મેળા યોજાયા હતા.

આ મેળામાં આસપાસના ગામોના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને બેંક લોન અંગે માહિતી મેળવી હતી. લોન મેળામા એકસિસ બેંક,ગ્રામિણ બેંકના અધિકારીઓએ માહિતી આપી હતી.

**N.P./ જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------------------

## હવામાન

ઉત્તર ભારતમાં હીમવર્ષાની અસરના કારણે કચ્છમાં ઠંડીની તીવ્રતા વધી છે. 20થી 21 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફુંકાયેલા પવનથી તાપમાનનો પારો નીચો આવ્યો છે. કચ્છમાં નલિયામાં લઘુત્તમ

તાપમાન 12 ડિગ્રી તો ભુજનું 15.6 ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગે તાપમાનમાં ઉતાર ચડાવનો દોર જારી રહેવાની આગાહી કરી છે.

**N.P./ જાગૃતિ વકીલ**

------------------------------------------------------------------------

## ઊંટ રસીકરણ

રાજ્યમાં સૌથી વધુ ઊંટની સંખ્યા ધરાવતા કચ્છમાં ફિટોડા અને ખાજીના કારણે ઊંટની બિમારી અને મોતનું પ્રમાણ ઘટાડવા માટે સરકાર દ્વારા જુનથી નવેમ્બર દરમિયાન અંદાજે અડધા કરોડનું બજાર મુલ્ય ધરાવતી રસી અને દવા વિનામૂલ્યે આપવા આયોજન હાથ ધરાયું છે. આ કાર્યમાં કચ્છના અંજાર અને ગાંધીધામ સિવાયના આઠ તાલુકામાં પશુચિકિત્સકો, પશુધન નિરીક્ષકો સહિત પશુપાલન વિભાગનો 200 જેટલો સ્ટાફ જોડાયો છે. સરકારે કચ્છના ઊંટોની ચિંતા સેવી આ રસીકરણનું આયોજન હાથ ધર્યું છે તેવું જિલ્લા પશુપાલન અધિકારી ડો. આર.ડી.પટેલે જણાવ્યું હતું.

**N.P./ જાગૃતિ વકીલ**

------------------------------------------------------------------------

## કચ્છના મહિલાને રાષ્ટ્રીય પુરસ્કાર

વર્ષ 2024 મા રાષ્ટ્રીય કમલાદીદી કલા પુરસ્કાર માટે દેશભરના 100 કારીગરો પૈકી ગુજરાતમાંથી બે મહિલા કારીગરો આ એવોર્ડથી

સન્માનિત કરાયા છે. જેમાં એક કચ્છના સુમરાસર શેખ ગામના સુફભરત કામના કારીગર જયશ્રીબેન અજીત ભાટીને આ એવોર્ડ માટે પસંદ કરાયા છે. તાજેતરમાં દિલ્હી ખાતે રોકડ અને પ્રમાણપત્ર આપી તેમને સન્માનિત કરાયા છે.

**N.P./ જાગૃતિ વકીલ**

----------------------------------------------------------------------